# ગણપત યુનિવર્સિટી દ્વારા ૧૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ માટે 'ઓનલાઈન' વાર્ષિક પરિક્ષાઓનો પ્રારંભ

**ડિપ્લોમાના ૨૭૪૩, સ્નાતક કક્ષાના ૬૦૪૩, અનુસ્નાતક કક્ષાના ૨૦૩૧ એમ કુલ મળીને ૧૦૮૧૭ વિદ્યાર્થીઓ ઘેરબેઠાં સુરક્ષિત રહી ઓનલાઈન પરીક્ષા આપશે**

ગણપત વિદ્યાનગર, તા. ૧૮

રાજયની પ્રથમ પંક્તિની અને 'હાઈટેક' તરીકે ખ્યાતી પામેલી તેમજ શ્રેષ્ઠ શૈક્ષણિક ગુણવત્તા માટે અનેક એવોર્ડઝ પ્રાપ્ત કરી ચૂકેલી ગણપત યુનિવર્સિટી દ્વારા એમનાં દસ હજારથી વધુ વિદ્યાર્થીઓ માટે 'ઘેર બેઠા સુરક્ષિત રહી' પોતાની વાર્ષિક પરીક્ષાઓ આપી શકે તે માટે 'ઓનલાઈન એકઝામ' લેવાના વિશેષ પ્રોગ્રામનો ગઈકાલથી પ્રારંભ કરી દીધો છે.

રાજયની કદાચ આ પહેલી યુનિવર્સિટી છે. જેણે આ વર્ષની વાર્ષિક પરીક્ષાઓ 'ઓનલાઈન' લેવાનો પ્રારંભ કરી દીધો છે.

ફેકલ્ટી ઓફ આર્કિટેકચર, ડિઝાઈન એન્ડ પ્લાનિંગ ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન, ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકોનોલોજી, ફેકટલ્ટી ઓફ ફાર્મસી, ફેકલ્ટી ઓફ સાયન્સ તેમજ ફેકલ્ટી ઓફ સોશિયલ સાયન્સ એન્ડ હ્યુમેનિટીઝ - એમ કુલ સાત ફેકલ્ટીના ૧૦૮૧૭ વિદ્યાર્થીઓ ઘરબેઠા પોતાની વાર્ષિક પરીક્ષાઓ 'ઓનલાઈન એકઝામ' માટે પોતાનું રજિસ્ટ્રેશન પણ આગોતરું કરાવી દીધું છે. ગણપત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના આસિસ્ટન્ટ રજિસ્ટાર જસ્મિન બી. પટેલે વધુમાં જણાવ્યું હતું કે આ ૧૦૮૧૭ની સંખ્યામાં ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીની બી.એસ. પટેલ પોલિટેકનિક કોલેજના ૨૭૪૩ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. તો બાકીના વિદ્યાર્થીઓમાં (યુજી) અન્ડર ગ્રેજ્યુએટ કક્ષાના કુલ ૬૦૪૩, તો પોસ્ટ ગ્રેજ્યુએટ (ડીજી) લેવલના કુલ ૨૦૩૧નો સમાવેશ થાય છે.

તારીખ ૧૫મી મે, ૨૦૨૦થી પ્રારંભ થયેલા આ ઓનલાઈન એન્યુઅલ (ફાઈનલ) એકઝામ પ્રોગ્રામમાં વિવિધ પ્રકારની તમામ પરીક્ષાઓ તા. ૧ જૂન, ૨૦૨૦ સુધીમાં લેવાઈ જશે, જેમાં થિયરી રેમેડિયલ એકઝામ, પ્રેક્ટિકલ, વાઈવા, ડેઝર્ટેશન, દરેક સેમેસ્ટરની પ્રોજેક્ટ એકઝામિનેશન, થિયરી રેગ્યુલેર એન્ડ રેમેડિયલ એકઝામિનેશન, સહિતની તમામ પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

આ અગાઉ યુનિવર્સિટીએ કોરોનાના કારણે 'ઘરે રહો, સુરક્ષિત રહો' - અભિયાનના સરકારના આદેશનો અનુસરીને તમામ વિદ્યાર્થીઓ માટે દસ હજાર કરતાંયે વધારે 'ઓનલાઈન લેકચર્સ' ડિલિવર કરી વિદ્યાર્થીઓને પરીક્ષા માટે સજ્જ કર્યા હતા.

# આત્મનના બાળકોની ઉછળકૂદથી કોરોનાનો ડર ડરીને દૂર ભાગી ગયો

ગાંધીનગર, તા. ૧૮

આત્મન ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે સતત ૨૪ માં વર્ષે આત્મન અભિવ્યક્તિ બાળશિબિર આયોજન થયું હતું. કોરોના વૈશ્વિક મહામારીને કારણે અત્યારે કુદરતને ખોળે શિબિર યોજાઇ શકે તેમ ન હોતી ત્યારે ઓનલાઈન વેબિનાર ગોઠવવામાં આવી હતી. પ્રથમ દિવસે ૭૧ બાળકોએ એકસાથે પોતાના ઘરેથી દિપ પ્રાગટય કર્યું હતું. ત્યારબાદ આત્મન ફાઉન્ડેશનના મંત્રી શ્રી સંજય થોરાત સૌનું સ્વાગત કરીને શિબિર ખૂલ્લી મુકી હતી. પ્રથમ દિવસે ડો. પૌલમી પરમાર, એચ. બી. વરીયા અને પ્રજ્ઞા ગજ્જર દ્વારા તાલિમ આપવામાં આવી હતી. જયારે આત્મન અભિવ્યક્તિ બાળશિબિર બીજા દિવસે 'એક હતો રાજા' વાર્તા રેખા ભટ્ટ દ્વારા ત્યારબાદ 'મમ્મી, આ મેં બનાવ્યું' ખ્યાતિ દેસાઈ દ્વારા તોરણ અને કાગળના ક્રાફ્ટ વર્ક શીખવવામાં આવ્યાં હતાં. નિસર્ગ સાયન્સ સેન્ટરના ડો. અનિલ પટેલ 'હું પણ જાદુગર' દ્વારા વિજ્ઞાનના અવનવા રહસ્યો બતાવી બાળકોને આશ્ચર્ય ચકિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું રસપ્રદ સંચાલન સાથે ક્વિઝ અને સેફ્ટી અવેરનેસ જયશ્રી ખેતિયા દ્વારા અપાઈ હતી.

વિશેષ એટલે આજે ઈનફોર્મેશન ડાયરેકટર આઈએએસ અધિકારી ઉત્સવ પરમાર હાજર રહ્યા હતા અને એમણે શિબિરના બાળકો સાથે વાતો કરી હતી. આનંદની વાત એ છે કે ઉત્સવ પરમાર એ આત્મન અભિવ્યક્તિ બાળશિબિરમાં વિદ્યાર્થી રહી ચૂક્યા છે. શિબિર આયોજક સી. એલ. મહેતાએ આત્મન શિબિરને ૮૦ કલાકની સર્જીકલ સ્ટ્રાઇક ગણાવી હતી. શિબિરના સંયોજક અને આત્મન ફાઉન્ડેશનના મંત્રી શ્રી સંજય થોરાતે શિબિર દરમિયાન




વિવિધ વિષયના ફેકલ્ટીની સેવાની કદર કરી આભાર વ્યક્ત કર્યો હતો. આત્મન ફાઉન્ડેશનના સંસ્થાપક પ્રજ્ઞાબહેન પટેલે નર્મદાથી ઓનલાઈન જોડાઈ આનંદ વ્યક્ત કર્યો હતો. આ શિબિરને યાદગાર બનાવવા બાળકોને છેલ્લા સત્રમાં 'મુસ્કુરાયેગા ઈન્ડિયા જીત જાયેગા ઈન્ડિયા' વિડિયો ફિલ્મ બનાવી ભેટ સી. એલ. મહેતા દ્વારા આપવામાં આવી હતી. ભાગ લેનાર બાળકોએ એમનો સરસ અભિપ્રાય આપ્યો હતો. આ સૌ બાળકોને ઈ સર્ટિફિકેટ આપવા આવશે.

આત્મન અભિવ્યક્તિ બાળશિબિર આયોજન માટે સી. એલ. મહેતા અને સંજય થોરાતે અથાગ મહેનત કરી હતી. જયારે એચ. બી. વરીયા, મમતા રાવલ, સુધા શુક્લ, જયશ્રી ખેતિયા, આશા સરવૈયા, અશોક ત્રિવેદી વગેરેએ અનન્ય સહયોગ અને ટેનિકલ સપોર્ટ ધૈવત મહેતાએ આપીને આ શિબિર સફળ બનાવી હતી. આત્મન ફાઉન્ડેશનના સંસ્થાપક પ્રજ્ઞાબહેન પટેલે સૌ બાળકો, ફેકલ્ટી અને કારોબારીનો આભાર માન્યો હતો.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**




સ્વ. ચંદ્રકાન્ત કે સુખડીયાના પુત્ર વિપુલ સુખડીયા પ્લોટ નં. ૭૮૬, સેકટર-૨૧ ખાતે રક્તદાન શિબિર યોજાઈ. જેમાં ૭ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. જેમાં વિપુલભાઈ સુખડીયા સહિત પરિવારના ૭ સભ્યોએ રક્તદાન કર્યું હતું. તેમજ નિયમિત રક્તદાતા મુકેશભાઈ પંડ્યાએ પણ આ શિબિરમાં રક્તદાન કર્યું હતું. સિવિલ હોસ્પિટલમાં આ બ્લડનો ઉપયોગ ગરીબો માટે કરવામાં આવશે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરીથી તાત્કાલિક નિર્વિત બ્લડ ગ્રુપનાં લોહીની જરૂર ઊભી થતાં અધિકારી દ્વારા સેવાભાવી રક્તદાતાઓ કીર્તિસિંહ નટવરસિંહ આટોદરીયા, સે-૪ (બી પોઝીટીવ), અભિષેકભાઈ પંચાલ, સે-૨૧એ (એ પોઝીટીવ), ચિરાગભાઈ જોષી, સે-૧૨ અને ડો. સિમ્પીસા, સે-૬ એ તાત્કાલિક સિવિલ પહોંચી રક્તદાન કરી રક્તની જરૂરિયાત પૂર્ણ કરી હતી.




શહેરમાં સેકટર-૨સીમાં રહેતા અને સેન્ટ ઝેવિયર્સમાં સાતમા ધોરણમાં અભ્યાસ કરતાં આયુષ નિરવકુમાર ગાંધીએ લોકડાઉનમાં સમયનો સદુપયોગ કરી સર્જનાત્મક કૌશલ્ય વિકાસવ્યું છે. છેલ્લા એક મહિનામાં ચિત્રકલામાં પોતાની કલ્પના શક્તિને પેન્સિલ શેડ અને ૩ડી ઈફેક્ટ દ્વારા કોરોના માટેના સંદેશને ચિત્રાત્મક રીતે પ્રદર્શિત કર્યા છે.

# બ્લેક હોલ્સના મર્જરમાંથી સંગીતની શોધ


**આઈઆઈટી ગાંધીનગરના સંશોધનકારોની નવી તકનીકથી ગુરુત્વાકર્ષણ તરંગોના વણશોધાયેલા ઘટકો શોધવામાં મદદ મળી**

ગાંધીનગર, તા. ૧૮

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) અને ચેન્નાઈ મેથેમેટિકલ ઈન્સ્ટિટ્યૂટ (સીએમઆઈ)ના સંશોધનકારોની ટીમે બે અસમપ્રમાણના બ્લેક હોલ્સના મર્જરમાંથી ખગોળીય ગુરુત્વાકર્ષણ-તરંગ સિગ્નલ્સના અસ્પષ્ટ હાયર હાર્મોનિક્સ/સિમ્ફનીને પકડવામાં મહત્વનું યોગદાન આપ્યું છે.

આ ગુરુત્વાકર્ષણ તરંગો, જેને GW190412 નામ આપવામાં આવ્યું છે, તે સ્પષ્ટ રીતે જુદા જુદા કદના બે બ્લેક હોલના એકબીજા સાથે ઘૂમવા અને તેમના મર્જરમાંથી ઉદભવ્યા હતા. યુ.એસ.એ.ના LIGO સાયન્ટિફિક કોલેબરેશન અને ઈટાલીના Virgo કોલેબરેશન દ્વારા તેનું અવલોકન કરાયું હતું. આ મર્જર વિલીનીકરણ લગભગ ૨ અબજ વર્ષો પહેલા થયું હતું જયારે પૃથ્વી પર સંભવતઃ એકકોષી જીવ હતા. આ સિગ્નલ્સ વિસ્તરતા બ્રહ્માંડને પાર કરીને ૧૨ એપ્રિલ, ૨૦૧૯ના રોજ ર્ન્ટ ડિટેક્ટર્સ પર પહોંચ્યા. આ ગુરુત્વાકર્ષણ તરંગોના પરિણામોની ખાતરી કરવા માટે ઝીણવટભર્યા વિશ્લેષણમાં એક વર્ષથી વધુનો સમય લાગ્યો.

તેવું પ્રથમ વખત બન્યું છે જ્યારે ર્ન્ટ અને ફેર્મિ ડિટેક્ટર્સે બે બ્લેક હોલના મર્જરથી




ગુરુત્વાકર્ષણ તરંગોને શોધી કાઢ્યા છે, જેમાંથી એક બીજા કરતા ઘણો વધુ મોટો છે. બે બ્લેક હોલ્સના સ્પષ્ટ રીતે જુદા જુદા કદ સૂર્ય કરતા ૮ થી ૩૦ ગણા મોટા છે.

આઈટીસ્ટાઈનના સામાન્ય સાપેક્ષતાના સિદ્ધાંત દ્વારા આગાહી કરાયેલ એસ્ટ્રોફિઝિકલ ગુરુત્વાકર્ષણીય તરંગ સિગ્નલના અસ્પષ્ટ ઘટકો (હાયર હાર્મોનિક્સ) પણ પ્રથમ વખત જ LIGO અને Virgo ડેટામાં મળી આવ્યા છે. આઈઆઈટી ગાંધીનગરમાં ભૌતિકશાસ્ત્રના પીએચડી વિદ્યાર્થી શ્રી સૌમેન રોય, આઈઆઈટી ગાંધીનગરના ભૌતિકશાસ્ત્રના એસોસિએટ પ્રોફેસર, પ્રો. આનંદ સેનગુપ્તા અને સીએમઆઈ ચેન્નાઈના પ્રોફેસર કે.જી.અરુણ, જેમણે સંયુક્ત રીતે બ્રહ્માંડમાંથી અસ્પષ્ટ સિગ્નલ્સ પકડવા અને ગુરુત્વાકર્ષણ-તરંગના ઉત્સર્જનમાં તે વધારે સારી રીતે "સંભળાય" તે માટે એક નવી તકનીક વિકસાવી તેનાથી આ શક્ય બન્યું હતું.

- આઈઆઈટી ગાંધીનગરના પીએચડી વિદ્યાર્થી શ્રી સૌમેન રોય, તેમના માર્ગદર્શક પ્રો. આનંદ સેનગુપ્તા, અને ચેન્નાઈ મેથેમેટિકલ ઈન્સ્ટિટ્યૂટના પ્રો. કે જી અરુણે બ્રહ્માંડમાંથી અસ્પષ્ટ સિગ્નલ્સ પકડવા માટે એક નવી તકનીક વિકસાવી છે
- બ્લેક હોલ્સના ટકરાવથી સર્જાતી આ સંપૂર્ણ સિમ્ફની, LIGO અને Virgo ડિટેક્ટર્સ દ્વારા બે અસમપ્રમાણ બ્લેક હોલ્સના મર્જરના અવલોકનમાંથી મળી આવી હતી
- આઈઆઈટી ગાંધીનગરના સંશોધનકારોએ સિગ્નલમાં રહેલા હાયર હાર્મોનિક્સમાંથી અસ્પષ્ટ અવાજને પકડવામાં મુખ્ય ભૂમિકા ભજવી, અને આલ્બર્ટ આઈન્સ્ટાઈનને ફરીથી સાચા સાબિત કર્યા

આઈઆઈટી ગાંધીનગર ટીમ દ્વારા વિકસિત આ નવી તકનીકમાં સ્પેક્ટ્રોગ્રામ બનાવવા માટે વેવલેટ ડીકમ્પોઝીશન તરીકે ઓળખાતી જાણીતી સિગ્નલ




પ્રોસેસિંગ તકનીકનો ઉપયોગ કર્યો હતો, જેના દ્વારા ગુરુત્વાકર્ષણ-તરંગ સિગ્નલના જુદા જુદા ઘટકોને અલગ કરી શકાય છે.

સફેદ પ્રકાશના માર્ગમાં મૂકવામાં આવેલ પ્રિઝ્મ જેમ વિવિધ રંગોને અલગ પાડે છે, તેવી જ રીતે, સિગ્નલના ઘટકો છૂટા પાડવા માટે સ્પેક્ટ્રોગ્રામનો ઉપયોગ કરી શકાય છે. આની સુનિશ્ચિત આંકડાકીય વિશ્લેષણ દ્વારા નિશ્ચિત ખાતરી કરવામાં આવી હતી કે આ અવલોકન ડેટામાં છુપાયેલા કેટલાક અન્ય નકામા અવાજને કારણે નથી. આ વિશ્લેષણથી GW190412 માંથી ગુરુત્વાકર્ષણ તરંગ સિગ્નલની સંપૂર્ણ સિમ્ફની/સંગીત શોધવામાં મદદ મળી.

બ્લેક હોલ્સ કદમાં લગભગ એકસમાન હોય ત્યારે આ હાયર હાર્મોનિક્સ અથવા હાયર મલ્ટિપોલ્સ ઘટકોનું સિગ્નલથી વિશ્લેષણ કરવું ઘણું મુશ્કેલ છે. ૨૭૧૯૦૪૧૨ સિસ્ટમના અસમપ્રમાણતાવાળા કદે સિગ્નલના આ હાયર હાર્મોનિક્સના અવાજને એટલો મોટો કરી દીધો કે તેને ઓળખી શકાય અને ટીમ દ્વારા વિકસિત ડેટા વિશ્લેષણ અલ્ગોરિધમ દ્વારા વધુ સારી રીતે "સાંભળી" શકાય.

આ નોંધપાત્ર શોધ અંગે પોતાના વિચારો શેર કરતાં આઈઆઈટી ગાંધીનગરના ફિઝિક્સના પ્રોફેસર આનંદ સેનગુપ્તાએ જણાવ્યું કે, "અમારી નવી બનાવેલી પદ્ધતિએ જેટલી ઝડપથી LIGO ડેટામાંથી સફળતા





મેળવી તેનાથી હું આશ્ચર્યચકિત થયો હતો. અમે ખરેખર નસીબદાર હતા."

આ સિદ્ધિથી આનંદિત, આઈઆઈટી ગાંધીનગરમાં ગુરુત્વાકર્ષણ તરંગોના ખગોળશાસ્ત્રમાં પીએચડીના વિદ્યાર્થી સૌમેન રોયે જણાવ્યુ કે, "જ્યારે મેં મોટા અવાજમાં આ અવાજ "સાંભળ્યો" ત્યારે હું ખૂબ જ ખુશ થયો હતો. તે એક ગીચ બજારમાં માઈક્રોફોન મૂકીને અને ૧૦૦ માઈલ દૂરથી પક્ષીનો ટહૂકો સાંભળવા જેવું હતું, જ્યાં હું જાતે અંધારાવાળા ઓરડામાં કામ કરતો નિશાચર પક્ષી હતો. હું ખૂબ જ ઉત્સાહિત છું કે પહેલી વાર, અમારી યુક્તિએ એકબીજા સાથે ઘૂમતા બ્લેક હોલના સંપૂર્ણ ઘટકોને છતા કર્યા છે."

આ સંશોધનકારોએ આલ્બર્ટ આઈન્સ્ટાઈનની સામાન્ય સાપેક્ષતાના સિદ્ધાંતની હજી સુધી સાબિત ના કરાયેલી આગાહીની ખાતરી કરી કે: ગુરુત્વાકર્ષણ તરંગોમાં ભ્રમણકક્ષાના આવર્તનના એક કરતા વધુ હાર્મોનિક સામેલ છે, જે સંગીતનાં સાધનોના ઓવરટોન જેવા જ છે. આઈઆઈટી ગાંધીનગરના સંશોધનકારોએ સિગ્નલમાં હાજર આ હાયર હાર્મોનિક્સમાંથી અસ્પષ્ટ અવાજ પકડવામાં મુખ્ય ભૂમિકા ભજવી, આઈન્સ્ટાઈનને ફરીથી સાચા સાબિત કર્યા!

ભવિષ્યમાં, સિગ્નલના હાયર મલ્ટિપોલ્સની સંબંધિત તીવ્રતા એકબીજામાં ભળતા બ્લેક હોલના ગુણધર્મોની ઊંડી સમજ આપી શકે છે.

## અપરા એકાદશીએ શ્રી સ્વામિનારાયણ મંદિરે ઘનશ્યામ મહાપ્રભુને ચંદનના વાઘાનો શણગાર

વૈશાખ માસના કૃષ્ણ પક્ષ ની એકાદશીનું નામ 'અપરા' છે. કારણકે તે અપાર ધન દેનારી છે. તે પુણ્ય આપનારી અને પાપને નષ્ટ કરનારી છે. જે મનુષ્ય આ એકાદશી નું વ્રત કરે છે, તેની આ લોકમાં પ્રસિદ્ધિ થાય છે."

અપરા એકાદશીનું વ્રત પાપ રૂપી અંધકાર ના નાશ માટે સૂર્ય સમાન છે, તેથી મનુષ્યે અપરા એકાદશી નું વ્રત અવશ્ય કરવું જોઈએ. આ વ્રત બધા વ્રતોમાં શ્રેષ્ઠ છે. અપરા એકાદશીનો દિવસ ભકિતપૂર્વક રહેવાથી ભગવાનની પ્રાપ્તિ થાય છે.



અપરા એકાદશીના પવિત્રતમ દિવસે ભૂમંડળ સ્થિત તીર્થોત્તમ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરમાં બિરાજમાન અધિષ્ઠાતા સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન - શ્રી ઘનશ્યામ મહાપ્રભુજી, શ્રી હરિકૃષ્ણ મહારાજને ઋતુ અનુસાર ચંદનના મનમોહક વાઘાનો વિશેષ શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. વિશેષ શ્રૃંગાર સાથેની શ્રીહરિજીની આરતી પણ શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ દ્વારા કરવામાં આવી હતી.

**ડાયરેક્ટ ❤ સે**

કામચલાઉ જિંદગીમાં પણ માણસને બધું જ કાયમી જોઈએ છે...!!

## જન્મદિને વધામણી



યુનુસભાઈ પરમાર
ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ, વાઈસ પ્રેસીડેન્ટ



શુભમ સુખડીયા
રાધે-રાધે ગૃપ
મો. ૯૮૨૫૩ ૬૫૪૨૫




જિયાંશી
રણજિતભાઈ ચૌહાણ



શ્રેયા દિપકભાઈ પ્રજાપતિ
ફોન : ૨૩૨૨૩૯૦૧



ઉષા ગિરીશ ઠક્કર
મંત્રી, જલારામ મહિલા મંડળ, ગાંધીનગર



ભાર્ગવ અપૂર્વ નવનીતભાઈ
રેડક્રોસ



પટેલ રાહુલ ગોવિંદભાઈ
રેડક્રોસ, માણસા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક